RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 157 * Date: 28.03.2025,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ૩૦ એપ્રિલથી ચારધામ યાત્રા શરૂ



ઉત્તરાખંડમાં ૩૦ એપ્રિલથી શરૂ થનારી ચારધામ યાત્રામાં આ વખતે વીડિયો રીલ મેકર્સ અને યુટ્યૂબર્સની એન્ટ્રી રોકવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. કેદારનાથ-બદ્રીનાથ પાંડા સમુદાયે નિર્ણય લીધો છે કે આ વખતે તેઓ તેમને મંદિર પરિસરમાં પ્રવેશવા દેશે નહીં. જો કોઈ આવું કરતું જોવા મળશે, તો તેને દર્શન કર્યા વિના પરત મોકલી દેવામાં આવશે. આ અંગે વહીવટીતંત્રને પણ જાણ કરવામાં આવી છે.કેદારનાથ સભાના પ્રમુખ રાજકુમાર તિવારીએ ભાસ્કરને જણાવ્યું હતું કે ગયા વર્ષે રીલ બનાવનારાઓને કારણે ઘણી અરાજકતા હતી. સમુદ્ર સપાટીથી ૧૨ હજાર ફૂટ ઉપર આવેલા કેદારનાથ ધામમાં ઢોલ-નગારાનો અવાજ ફક્ત રીલ બનાવવા માટે જ કરવામાં આવ્યો હતો.યાત્રા શરૂ થયા પછી શિવાલિક પર્વતમાળામાં ૧૦થી ૧૨ દિવસ સુધી આ શોર ગુંજતો રહ્યો. અહીંની પ્રકૃતિ માટે આ શોર સારો નથી. એટલા માટે આ વખતે તેઓ તમને કેમેરા ચાલુ પણ કરવા દેશે નહીં.એવી જ રીતે મંદિરોમાં પૈસા ચૂકવીને ફૈં દર્શન કરવાની વ્યવસ્થા પણ બંધ રહેશે. બદ્રીનાથ ધામના પાંડા પંચાયતના ખજાનચી અશોક ટોડારિયાએ કહ્યું હતું કે પૈસા લઈને દર્શન આપવા એ ભગવાનની ગરિમાના વિરુદ્ધ છે.આ વર્ષે ચારધામ યાત્રા ૩૦ એપ્રિલ (અક્ષય તૃતીયા)થી શરૂ થશે. આ દિવસે, મા ગંગોત્રી અને યમુનોત્રી ધામના દરવાજા પહેલા ખોલવામાં આવશે. આ પછી, ૨ મેના રોજ કેદારનાથ ધામના દરવાજા ખૂલશે.ખરાબ હવામાન અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં ચારધામ યાત્રા દરમિયાન યાત્રાળુઓને રોકવા માટે ૧૦ સ્થળોએ હોલ્ડિંગ પોઈન્ટ બનાવવામાં આવી રહ્યા છે. આ સ્થળો હરિદ્વાર, ઋષિકેશ, બ્યાસી, શ્રીનગર, રુદ્રપ્રયાગ, સોનપ્રયાગ, હરબતપુર, વિકાસનગર, બારકોટ અને ભટવાડીમાં હશે. પાણી, શૌચાલય, રાત્રિ માટે પથારી, દવાઓ અને ખોરાક માટે ઈમર્જન્સીની વ્યવસ્થા હશે.સમગ્ર મુસાફરી રૂટને ૧૦-૧૦ કિલોમીટરના સેક્ટરમાં વિભાજિત કરવામાં આવ્યો છે. દરેક સેક્ટરમાં ૬ પોલીસકર્મીઓ રહેશે. તેમને બાઇક પર તહેનાત કરવામાં આવશે, જેથી મુસાફરોને મુશ્કેલીના સમયે તાત્કાલિક મદદ મળી શકે.

આ વખતે છેલ્લા ૬ દિવસમાં ૯ લાખ શ્રદ્ધાળુઓએ યાત્રા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. કેદારનાથ ધામ માટે મહત્તમ ૨.૭૫ લાખ ભક્તોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ત્યાર બાદ ૨.૨૪ લાખ ભક્તો બદ્રીનાથ, ૧.૩૪ લાખ યમુનોત્રી, ૧.૩૮ લાખ ગંગોત્રી અને ૮ હજાર ભક્તો હેમકુંડ સાહિબ દર્શન માટે આવશે. વેબસાઈટ ઉપરાંત, પ્રવાસન વિકાસ પરિષદ રજિસ્ટ્રેશન માટે મોબાઈલ નંબર, વોટ્સએપ અને ટોલ ફ્રી નંબર પણ જાહેર કરશે. તમે આ નંબર પર ફોન કરીને પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકો છો. યાત્રા શરૂ થયા પછી, હરિદ્વાર અને ઋષિકેશમાં પણ ઓફલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થશે.

જે શ્રદ્ધાળુઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકતા નથી તેઓ ઓફલાઈન રજિસ્ટ્રેશન કરાવીને યાત્રા પર જઈ શકશે. ચારેય ધામની મુલાકાત લેવા માટે શ્રદ્ધાળુઓ માટે ટોકન સિસ્ટમ પણ લાગુ કરવામાં આવશે.બદ્રીનાથ ધામ - બદ્રીનાથ ધામ ભગવાન વિષ્ણુને સમર્પિત એક મંદિર છે. આ નર-નારાયણ બે પર્વતો વચ્ચે બનેલ છે. આ વિસ્તારને બદ્રીનાથ કહેવામાં આવે છે. આ મંદિરના પૂજારીનું નામ રાવલ છે. રાવલ આદિ ગુરુ શંકરાચાર્યના પરિવારના છે. કેરળના ફક્ત નંબુદિરી પૂજારીઓ જ અહીં પૂજા કરે છે.કેદારનાથ ધામ - પ્રાચીન સમયમાં, ભગવાન વિષ્ણુના અવતાર નર-નારાયણે માટીમાંથી શિવલિંગ બનાવ્યું હતું અને બદ્રીનાથમાં પૂજા કરી હતી. નર-નારાયણની ભક્તિથી પ્રસન્ન થઈને, ભગવાન શિવ પ્રગટ થયા. જ્યારે ભગવાન શિવે નર-નારાયણને વરદાન માંગવાનું કહ્યું, ત્યારે તેમણે વરદાન માંગ્યું કે તેઓ હંમેશાં આ વિસ્તારમાં રહે. વરદાન આપતી વખતે, ભગવાન શિવે કહ્યું કે હવેથી તેઓ અહીં રહેશે અને આ વિસ્તાર કેદાર ક્ષેત્ર નામ તરીકે ઓળખાશે. આ પછી, ભગવાન શિવ જ્યોતિ સ્વરૂપે અહીં સ્થિત શિવલિંગમાં વિલીન થઈ ગયા.ગંગોત્રી - આ ગંગા નદીનું મંદિર છે. ગંગા નદીનું ઉદ્ગમ સ્થાન ગૌમુખ છે અને ગંગોત્રીમાં ગંગા દેવીની પૂજા થાય છે. ગંગોત્રીની નજીક એ સ્થળ છે જ્યાં રાજા ભગીરથે દેવી ગંગાને પૃથ્વી પર લાવવા માટે તપસ્યા કરી હતી.

## ભારતમાં લાઇવ મ્યુઝિક ઇવેન્ટ્સમાં ઉછાળોઃઆ વર્ષે ૧૬,૭૦૦થી વધુ કોન્સટ્ર્સ થવાની અપેક્ષા, મ્યુઝિક ટુરિઝમથી અર્થતંત્રને ફાયદો



ભારતમાં લાઈવ મ્યુઝિક ઈવેન્ટ્સની સંખ્યા અને વ્યાપ ઝડપથી વધી રહ્યો છે. આ વર્ષની શરૂઆતમાં જ કોલ્ડપ્લે, સિગારેટ્સ આફ્ટર સેક્સ અને એડ શીરન જેવા વૈશ્વિક સંગીત કલાકારોના કોન્સર્ટ્સે ભારે ભીડને આકર્ષી હતી. લોલાપાલૂઝા ઇન્ડિયાની ત્રીજી આવૃત્તિમાં અમેરિકન રોક બેન્ડ ગ્રીન ડે, કેનેડિયન સિંગર શોન મેન્ડેસ, નોર્વેની ઓરોરા અક્સનેસ અને બ્રિટિશ ફેશન ડિઝાઈનર સિંગર લૂઈસ ટોમલિન્સન જેવા કલાકારોએ પ્રથમ વખત પરફોર્મન્સ થયું. આ ઈવેન્ટમાં બે દિવસમાં લગભગ ૪૦,૦૦૦ લોકો જોડાયા.હવે બુકમાયશોએ જાહેરાત કરી છે કે રેપર ટ્રાવિસ સ્કોટ આ ઓક્ટોબરમાં દિલ્હીમાં પોતાનું પ્રથમ પરફોર્મન્સ આપશે. દેશમાં અલગ-અલગ બેન્ડ્સ અને સિંગર્સના ૧૬,૭૦૦થી વધુ લાઈવ કન્સર્ટ્સ થવાની શક્યતા છે. બુકમાયશોના લાઈવ એન્ટરટેઈનમેન્ટ અને વેન્યુના સીઓઓ અનિલ માખીજાએ કહ્યું, વિશ્વના મોટા કલાકારો હવે ભારતને પોતાની ગ્લોબલ ટુરનો મહત્ત્વનો ભાગ માની રહ્યા છે. અમારા ગ્લોબલ પાર્ટનર્સ પાસેથી સીધું સાંભળવા મળે છે કે કલાકારો ભારતમાં પરફોર્મ કરવા ઉત્સુક છે.લાઈવ ઈવેન્ટ્સનું બજાર ૧૨.૨૫ લાખ કરોડ રૂપિયા પહોંચશે એકાઉન્ટિંગ કંપની અર્ન્સ્ટ એન્ડ યંગ (ઈરૂ) અનુસાર ૨૦૨૩માં ભારતનું લાઈવ ઈવેન્ટ્સ માર્કેટ ૭.૫૪ લાખ કરોડ રૂપિયા હતું. ૨૦૨૬ સુધીમાં તે ૧૨.૨૫ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચવાની શક્યતા છે. મ્યુઝિક ઈવેન્ટ્સ આ ઈકોસિસ્ટમનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. ૨૦૧૮માં દેશમાં ૮,૦૦૦ કોન્સટ્ર્સ થઈ હતી. આ વર્ષે ૧૬,૭૦૦થી વધુ કોન્સટ્ર્સ થવાની અપેક્ષા છે. દેશમાં લાઈવ એન્ટરટેઈનમેન્ટમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. મ્યુઝિક ટુરિઝમ અને એક્સપિરિયન્સ ઈકોનોમીના વધવાથી ફેન્સની કલાકારો સાથે જોડાવાની રીત બદલાઈ રહી છે.

## ભારત ૩૦૭ હોવિત્ઝર તોપો ખરીદશેઃરક્ષા મંત્રાલયે ૬,૯૦૦ કરોડની ડીલ કરી; પહેલીવાર આટલી બધી સ્વદેશી તોપો સેનામાં સામેલ થશે



રક્ષા મંત્રાલયે ભારતીય સેનાની સંરક્ષણ ક્ષમતા વધારવા માટે બુધવારે ૬,૯૦૦ કરોડ રૂપિયાની ડીલ પર હસ્તાક્ષર કર્યા. આ અંતર્ગત, હવે ૩૦૭ એડવાન્સ્ડ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ (છ્છ્ય્જી) એટલે કે હોવિત્ઝર તોપો ખરીદવામાં આવશે. આ પહેલી વાર છે કે આટલી મોટી સંખ્યામાં સ્વદેશી તોપો ખરીદવામાં આવી રહી છે.આ ડીલ ભારત ફોર્જ અને ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ સાથે કરવામાં આવ્યો છે. આમાં, ભારત ફોર્જ ૬૦% તોપોનું ઉત્પાદન કરશે, જ્યારે ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ ૪૦% પ્રોડક્શન કરશે.તેના નામ એડવાન્સ્ડ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ પરથી સ્પષ્ટ થાય છે કે, તે ટોવ્ડ ગન એટલે કે ટ્રક દ્વારા ખેંચાતી તોપ છે. જોકે, આ ગોળો ફાયર કર્યા પછી, બોફોર્સની જેમ, તે પોતાની મેળે થોડી દૂર જઈ શકે છે. આ તોપનું કેલિબર ૧૫૫ મીમી છે. આનો અર્થ એ થયો કે આ આધુનિક તોપમાંથી ૧૫૫ મીમીના ગોળા ફાયર કરી શકાય છે.

હોવિત્ઝર તરીકે પણ ઓળખવામાં આવે છે. હોવિત્ઝર નાની તોપો છે. ખરેખરમાં, બીજા વિશ્વયુદ્ધ અને તે પછી પણ યુદ્ધમાં મોટી અને ભારે તોપોનો ઉપયોગ થતો હતો. તેમને દુર સુધી લઈ જવામાં અને ઊંચાઈએ તહેનાત કરવામાં ઘણી મુશ્કેલીઓ હતી. આવી સ્થિતિમાં, હલકી અને નાની તોપો બનાવવામાં આવી, જેને હોવિત્ઝર કહેવામાં આવી.આ તોપ ઢઈઙ્ઘની પુણે ખાતેની લેબ છઈઙ્ઘઈ દ્વારા ભારત ફોર્જ લિમિટેડ, મહિન્દ્રા ડિફેન્સ નેવલ સિસ્ટમ્સ, ટાટા પાવર સ્ટ્રેટેજિક અને ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડના સહયોગથી વિકસાવવામાં આવી છે. તેનું ડેવલપમેન્ટનું કાર્ય ૨૦૧૩માં શરૂ થયું હતું અને પ્રથમ સફળ પરીક્ષણ ૧૪ જુલાઈ ૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ તોપનો ઉપયોગ અને સુવિધાઓ બોફોર્સ તોપ જેવી જ છે, તેથી તેને દેશી બોફોર્સ પણ કહેવામાં આવે છે.

## માંગરોળમાંથી ૨.૨.૬ લાખના મુદ્દામાલ સાથે ૯ શકુનિ ઝડપાયા



જૂનાગઢ જીલ્લાના માંગરોળ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખોડાદા ગામની સીમમાંથી જુગાર રમતા ૯ શખ્સોને પકડી પાડવામાં આવ્યા છે. આ દરોડા દરમિયાન રૂ. ૨,૨૬,૫૦૦/- નો મુદ્દામાલ, જેમાં રોકડા રૂ. ૨,૧૬,૦૦૦/-, બે મોબાઈલ ફોન (કિં. રૂ. ૧૦,૫૦૦/-), ગંજીપતાના પાના અને પાથરણા સહિતનો સામાન કબ્જે કરવામાં આવ્યો છે.

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. પટેલ અને તેમની ટીમ ને બાતમી મળતા તમામ જુગારીઓને પકડી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી૧. મયુરભાઈ બાબુભાઈ પરમાર (ઉ.વ. ૨૯, ધંધો- મજૂરી, રહે- શાપુર, તા. માંગરોળ)૨. અરજણભાઈ કરશનભાઈ વાઢીયા (ઉ.વ. ૫૦, ધંધો- મજૂરી, રહે- ગામ ફરેર, તા. કુતીયાણા, જી. પોરબંદર)૩. વિમલ લખમણભાઈ બામરોટીયા (ઉ.વ. ૩૭, ધંધો- ખેતી, રહે- લોએજ, તા. માંગરોળ)૪. હરસુખ ગોવિંદભાઈ વાઘેલા (ઉ.વ. ૩૦, ધંધો- ખેતી, રહે- ઘોડાદર, તા. માંગરોળ)૫. દિલીપ ઉર્ફે દેન્સુર પરબતભાઈ ઓડેદરા (ઉ.વ. ૩૨, ધંધો- મજૂરી, રહે- ખીરસરા ઘેડ, તા. કેશોદ)૬. કારા નેભાભાઈ બાપોદરા (ઉ.વ. ૩૯, ધંધો- ડ્રાઈવિંગ, રહે- કેરાળા, તા. રાણાવાવ, જી. પોરબંદર)૭. અજય રાજુભાઈ પંડિત (ઉ.વ. ૨૫, ધંધો- મજૂરી, રહે- શીલ જાપા વીરતાર, તા. માંગરોળ)૮. શ્યામ ગીગાભાઈ રાગારકા (ઉ.વ. ૨૮, ધંધો- ખેતી, રહે- મેરવદર, તા. ઉપલેટા, જી. રાજકોટ, મુળ નિવાસી- ઘોડાદર, તા. માંગરોળ)૯. વિજય મુળુભાઈ ઓડેદરા (ઉ.વ. ૩૭, ધંધો- લે-વેચ, રહે- પોરબંદર, નરસંગ ટેકરી, સાઈબાબાના મંદીર પાસે)થી અટકાયત કરી આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરતા તીન પત્તીનો હાર જીતનો જુગાર રમતા જુગારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

## વાવ થરાદ જિલ્લામાં સૂકા ઘાસચારાના ભાવમાં તોતિંગ વધારો

વાવ થરાદ જિલ્લામાં પીવાના પાણીની સાથે ઘાસચારાની તંગી ઊભી થઈ છે. નદી, તળાવો અને ચેકડેમ સુકાઈ રહ્યા છે. પશુપાલકો માટે પાણી અને ઘાસચારો મેળવવું મુશ્કેલ બન્યું છે અને સૂકા ઘાસચારા માટે દોડધામ વધી છે. ભાવમાં પણ ભારે વધારો જોવા મળી રહ્યો છે.



પશુઓ માટે ચારો મેળવવો મુશ્કેલ બનતા પશુપાલકો ચિંતામાં મુકાયા છે. બાજરી કતર, મકાઈ કતરના મણ દીઠ ભાવ ૨૨૦ બોલાઈ રહ્યા છે જેથી ઉનાળા ની સિઝન હોવાથી પશુપાલકો ચિંતામાં મુકાયા છે મોટા પશુપાલકો આજુબાજુના જિલ્લાઓમાંથી ઘઉં, બાજરી અને મકાઈનો ઘાસચારો ખરીદી લીધો છે તેથી નાના પશુપાલકો ને ભાવવધારા ના કારણે મુશ્કેલી વેઠવી પડી રહી છે.લાખણી પંથકમાં બોરવેલ તળના ભૂગર્ભ જળ ૧૨૦૦ ફૂટ સુધી પહોંચી ગયા હોવાથી ખેડૂત આર્થિક રીતે પડી ભાગ્યો છે રાજ્ય સરકાર સફાળી જાગે અને આ વિસ્તારના ખેડૂતો માટે પાણીનો પ્રશ્ન હલ કરે તો આપ મેળે પશુપાલકો માટે ઘાસચારાની તંગી દૂર થયી સકે એવી આશા સરકાર પાસે રાખી બેઠો છે.

## તંત્રી લેખ.......

# ઓનલાઈન કમ્પલેનમાં ગ્રાહકોના ૧૫ અબજ કલાક 'કોલ હોલ્ડ' પર વેડફાયા

ભારતમાં કંપનીઓની સેવા સંબંધિત ફરિયાદોનું નિરાકરણ એઆઈ એજન્ટો અને ચેટબોટ્સ લાવી રહ્યાં છે. કમ્પલેન બોક્સ માટે ટેક્નોલોજી નવી ક્રાંતિ લાવી રહ્યું છે છતા ભારતમાં ગ્રાહક સેવા માટે રાહ જોવાના સમયમાં નોંધપાત્ર ઘટાડો નથી થયો. એક અહેવાલમાં જણાવાયું છે કે ભારતીય ગ્રાહકોએ ગત વર્ષે ગ્રાહક સેવા ફરિયાદો નોંધાવવા માટે ૧૫ અબજ કલાકથી વધુ સમય રાહ જોવી પડી હતી.સર્વિસનાવ કન્ઝ્યુમર એક્સપિરિયન્સ રિપોર્ટમાં વધતી જતી ગ્રાહક અપેક્ષાઓ અને સેવા વિતરણની વાસ્તવિકતા વચ્ચેના વધતા જતા અંતરનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેમાં ૫૦૦૦૦ ભારતીય ગ્રાહકો અને ૨૦૪ ભારતીય કસ્ટમર સર્વિસ એજન્ટોનો સર્વે કરવામાં આવ્યો હતો.૮૦ ટકા જેટલા ભારતીય ગ્રાહકો હવે ફરિયાદની સ્થિતિ ચકાસવા અને પ્રોડક્ટ રિકમેન્ડેશન ચકાસવા જેવી આવશ્યક સેવાઓ માટે એઆઈ ચેટબોટ્સ પર આધાર રાખે છે છતાં, રિપોર્ટ અનુસાર આ જ ગ્રાહકો સામૂહિક રીતે દર વર્ષે આશ્ચર્યજનક ૧૫ અબજ કલાક 'કોલ હોલ્ડ' પર વિતાવે છે.ટેક્નોલોજીની હરણફાળ ગતિમાં ભારતમાં આ ક્ષેત્રે સામાન્ય પ્રગતિ થઈ છે પરંતુ સ્થિતિ હજી ખરાબ જ છે. ભારતીયે સરેરાશ ગત વર્ષ કરતાં સમસ્યાના ઉકેલ માટે રાહ જોવામાં ૩.૨ કલાક ઓછો સમય વિતાવ્યો છે પરંતુ ગ્રાહકની અપેક્ષાઓ અને સેવા વિતરણ વચ્ચે હજુ પણ નોંધપાત્ર અંતર છે.અહેવાલમાં જાણવા મળ્યું છે કે ૩૯ ટકા ગ્રાહકોને હોલ્ડ પર રાખવામાં આવે છે, ૩૬ ટકાને વારંવાર ટ્રાન્સફર કરવામાં આવે છે અને ૩૪ ટકા ગ્રાહકો માને છે કે કંપનીઓ જાણી જોઈને ફરિયાદ પ્રક્રિયાને જટિલ બનાવે છે.આ સાથે ગ્રાહકોની ધીરજ ખૂટી રહી છે.

# જૂનાગઢમાં હિન્દુ બહુમતી વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવા માટે માંગ !



જૂનાગઢ શહેરમાં હિન્દુ બહુમતી વિસ્તારોને બચાવવા માટે ૧૫ થી વધુ વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવાની તાત્કાલિક જરૂર છે, પરંતુ સરકાર હજુ આ મુદ્દાને ગંભીરતાથી લેતી નથી.શહેરમાં હિન્દુ બહુમતી વિસ્તારોમાં સતત અન્ય ધર્મના લોકો દ્વારા મકાનો ખરીદવા અને હિન્દુ પરિવારોને હટાવવાનો દબાણ વધી રહ્યો છે.આ સમસ્યાને લઈ શહેરના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હરેશભાઈ પરસાણાએ ફરી એકવાર મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી, જૂનાગઢમાં અશાંત ધારો લાગુ કરવાની તાત્કાલિક માંગણી કરી છે. હકીકતમાં, આ માંગ પહેલીવાર ઉઠાવવામાં આવી નથી.૧૫ જુલાઈ ૨૦૨૪ના રોજ જ આ મુદ્દે સરકારને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી.છતાં, આજ દિન સુધી કોઈ ઉચિત પગલાં લેવાયેલા નથી.તેથી ૨૬ માર્ચ ૨૦૨૫ના રોજ ફરી રજૂઆત કરવામાં આવી છે.જો સરકાર આ વાતને ગંભીરતાથી ન લેશે, તો હિન્દુ બહુમતી વિસ્તારો માટે સંકટ ઊભું થઈ શકે છે. ૧૫ થી વધુ હિન્દુ બહુમતી વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવાનો દાવો જૂનાગઢના ઉપરકોટ, દિવાન ચોક, લીમડા ચોક, માલીવાડા, જોષીપરા, નારાયણ નગર, નંદનવન સોસાયટી, આદિત્ય નગર, સર્વોદય સોસાયટી, ભવનાથ વિસ્તાર, વાણંદ સોસાયટી જેવા ૧૫ થી વધુ હિન્દુ બહુમતી વિસ્તારોમાં હિન્દુઓ માટે સંકટ ઊભું થઈ રહ્યું છે.આ વિસ્તારોમાં હિન્દુઓ વર્ષોથી વસવાટ કરતા આવ્યા છે, પણ છેલ્લા કેટલાક સમયથી અહીં અન્ય ધર્મના લોકો દ્વારા મકાનો ખરીદવાનું પ્રમાણ સતત વધતું જાય છે.પરિણામે, હિન્દુઓ માટે પોતાની જાતની વચ્ચે રહી શકાય તેમ નથી રહ્યું અને તેમણે અન્યત્ર સ્થળાંતર કરવું પડે છે.હિન્દુ સંગઠનો પ્રયત્નશીલ, પણ સરકાર ક્યાં છે? સૌભાગ્યે, હિન્દુ સંગઠનો આ મુદ્દે સતત ચિંતિત છે અને પ્રસંગોપાત્ પ્રયાસો પણ કરી રહ્યાં છે.પરંતુ સરકારની ભૂમિકા હજુ પણ સંશયાસ્પદ છે.

એક બાજુ ભાજપ અને હિન્દુ સંગઠનોને ×ધર્મવિશેષના સમર્થક× તરીકે દર્શાવવાનો પ્રયાસ થતો રહે છે, પણ જ્યારે વાસ્તવમાં હિન્દુઓની જ મૌલિક સુરક્ષા અને વસવાટના અધિકાર માટે સરકાર પાસે ન્યાયની માંગણી થાય છે, ત્યારે સત્તાવાળાઓ કેમ મૌન ધારણ કરે છે?

હિન્દુઓની જાતીય અને નિજલાભી ભૂલો પણ જવાબદાર! આ માત્ર સરકારની નિષ્ક્રિયતા કે અન્ય ધર્મના લોકોના દબાણનો પ્રશ્ન નથી—

ખુદ હિન્દુ સમાજની કેટલીક અંદરની નબળાઈઓ પણ આ સંજોગો માટે જવાબદાર છે.ભય, જાતિવાદ અને વધુ પૈસાની લાલચમાં આવી કેટલાક હિન્દુઓ પોતાનાં મકાનો વેચી દેશે, અને પછી પાછળ રહી ગયેલા હિન્દુઓ માટે સંકટઊભું થાય છે.આજે હિન્દુઓએ એકતા અને ધિરજ રાખી, પોતાનું હિત સમજવાની જરૂર છે.આ મુદ્દે હિન્દુઓ ક્યારે જાગશે?હમણાં સુધી આ સમસ્યાનો ઉકેલ લાવવાનો જવાબદારી હિન્દુ સંગઠનો અને રાજકીય નેતાઓની માનવામાં આવતી હતી,પણ હકીકત એ છે કે, આ લડત હિન્દુઓએ પોતે જ લડવી પડશે.જો હિન્દુઓ પોતાનું હિત નહીં સમજયા અને હળવાશ રાખી બેઠા રહેશે,તો પછી આવનારા વર્ષોમાં તેમના માટે તેમના શહેરમાં જ સ્થાન ગુમાવવાનો વારો આવી શકે છે.

જ્યારે સરકાર હિન્દુ હિતોની રક્ષા માટે પ્રતિબદ્ધ હોવાનો દાવો કરે છે, ત્યારે હકીકતમાં સરકાર આ મુદ્દે નિષ્ક્રિય કેમ?શું હિન્દુઓ માટે સરકાર અને નેતાઓ માત્ર ચૂંટણી પૂરતી જ સક્રિય રહે છે?હવે આ મુદ્દો હિન્દુ બહુમતી વિસ્તારો ખાલી થતા જ રહેશે!. કારણ કે હિંદુઓ જુનાગઢ શહેરની બહારના વિસ્તારોમાં સ્થળાંતર કરવા લાગ્યાં છે મધુરમ , ટીબાવાડી , વાંડલા ફાટક વિસ્તાર જેવા જૂનાગઢની બહારના વિસ્તારો માં જવા લાગ્યાં છે જે ખૂબ જ ચિંતાનો વિષય છે.

# હિન્દુ/જૈન ધર્મના અતિ પવિત્ર તહેવારો નિમીતે સમગ્ર રાજ્યમાં કતલખાનાઓ બંધ રાખવા, માંસ મટન, ઈંડા, ચીકન, મચ્છીનાં વેચાણ બંધ રાખવા અંગે મુખ્યમંત્રીશ્રીને મિતલ ખેતાણીની રજૂઆત



હિન્દુ/જૈન ધર્મના અતિ પવિત્ર તહેવારો આગામી ૩૦, માર્ચ, રવિવારે ચેટીચાંદ, તા.૦૬, એપ્રિલ, રવીવારે રામનવમી, તા.૧૦, એપ્રિલ, ગુરુવારે મહાવીર જયંતી, તા. ૧૨, એપ્રિલ શનીવારે હનુમાન જયંતી, તા. ૧૪, એપ્રિલ, સોમવારે ડો. આંબેડકર જયંતી, ના રોજ હોય, દર વર્ષની જેમ આ વર્ષે પણ તમામ કતલખાના બંધ રાખવા, કતલ કરવા પર રોક લગાવી, માંસ મટન, ચીકન, મચ્છીના વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવા, તેનું કડક અમલીકરણ કરાવવા અને આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરાવવા ગુજરાતનાં જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને મિતલ ખેતાણી દ્વારા રજૂઆત કરવામાં આવી છે. તંત્ર દ્વારા દર વર્ષે આ અંગેનું જાહેર નામું બહાર પાડવામાં આવે છે. તો આ વર્ષે પણ ગુજરાતનાં દરેક જીલ્લા, શહેર અને ગામમાં સત્વરે જાહેરનામું બહાર પડાવી કાયદેસર અને ગેરકાયદેસર ચાલતા કતલખાનાઓ, માંસની દુકાનો પર પ્રતીબંધીત આદેશ બહાર પડાવવાની રજૂઆત ભારત સરકારની પશુપાલન અને ડેરી મંત્રાલયની નેશનલ એડવાઈઝરી કમિટી મેમ્બર મિતલ ખેતાણી તથા એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી, ઘનશ્યામભાઈ ઠક્કર, ધિરેન્દ્ર કાનાબાર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રમેશભાઇ ઠક્કર, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતા દ્વારા કરવામાં આવી છે.

# ભારતનું એકમાત્ર ફાયનાન્સિયલ હબ ગિફ્ટ સિટી ટોચના ૫૦માં પ્રવેશ્યું:રેપ્યુટેશનલ એડવાન્ટેજમાં વિશ્વમાં નંબર ૧ બન્યું



ભારતની પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને સૌપ્રથમ ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસીઝ સેન્ટર એવી ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સિટી (ગિફ્ટ સિટી)એ વિકસતા ગ્લોબલ ફાયનાન્સિયલ હબ તરીકે તેની સ્થિતિ વધુ મજબૂત બનાવી છે અને ગ્લોબલ ફાયનાન્શિયલ સેન્ટર્સ ઈન્ડેક્સ (ય્હ્લઝ્રૈં ૩૭)ની લેટેસ્ટ એડિશનમાં વિવિધ કેટેગરીઝમાં નોંધપાત્ર સુધારા હાંસલ કર્યા છે. ગિફ્ટ સિટીએ રેપ્યુટેશનલ એડવાન્ટેજમાં ટોચનું સ્થાન મેળવ્યું છે અને ફિનટેક રેન્કિંગમાં ૪૫થી આગળ વધીને ૪૦મું સ્થાન મેળવ્યું છે, જે પ્રીમિયર ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સેન્ટર તરીકે તેની સ્થિતિમાં નોંધપાત્ર પ્રગતિ સૂચવે છે. આ ઉપરાંત, તેણે એશિયા-પેસિફિક રિજનમાં ટોચના ૧૫ ફાયનાન્સિયલ સેન્ટર્સમાં તેની સ્થિતિ જાળવી રાખી છે.ય્હ્લઝ્રૈં ૩૭ રેન્કિંગમાં ગિફ્ટ સિટીની મજબૂત કામગીરી તેની વધતી પ્રતિષ્ઠા, રોકાણકારોનો વિશ્વાસ અને નાણાંકીય નવીનતા આગળ લાવવામાં તેની ભૂમિકા દર્શાવે છે. ફિનટેક રેન્કિંગમાં સુધારો ફાયનાન્સિયલ ટેક્નોલોજી માટેના ઊભરતા હબ તરીકે તેના ઉદ્ભવને દર્શાવે છે જ્યારે રેપ્યુટેશનલ એડવાન્ટેજમાં તેની અગ્રીમ સ્થિતિ તેની બિઝનેસ-ફ્રેન્ડલી ઈકોસિસ્ટમ, મજબૂત નિયમનકારી માળખું અને વિશ્વ કક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વિશ્વભરમાં વધી રહેલી પ્રતિષ્ઠા રજૂ કરે છે.

ગિફ્ટ સિટીના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્રુપ ઝઈ તપન રેએ જણાવ્યું હતું કે "ય્હ્લઝ્રૈં રેન્કિંગમાં ગિફ્ટ સિટીની સતત પ્રગતિ એ ગ્લોબલ ફાયનાન્સમાં ભારતના વધતા પ્રભાવને દર્શાવે છે. રેપ્યુટેશનલ એડવાન્ટેજમાં અમારી ટોચની રેન્કિંગ, ફિનટેકમાં નોંધપાત્ર સુધારો અને એકંદરે મજબૂત પર્ફોર્મન્સ ગિફ્ટ સિટીમાં વૈશ્વિક રોકાણકારો અને વ્યવસાયોનો વિશ્વાસ પુનઃ મજબૂત કરે છે. અમે સરળતાથી વ્યવસાય કરવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નિયમનકારી માળખા અને ટેલેન્ટ ઈકોસિસ્ટમને વધારવા માટે તથા તેના પગલે ગિફ્ટ સિટીને અગ્રણી ઈન્ટરનેશનલ ફાયનાન્શિયલ હબ બનાવવા માટે પ્રતિબદ્ધ રહીએ છીએ."

ઢ/ફ્રીહ ગ્રુપ દ્વારા સંકલિત ગ્લોબલ ફાયનાન્શિયલ સેન્ટર્સ ઈન્ડેક્સ (ય્હ્લઝ્રૈં) વર્લ્ડ બેંક, ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (ઈઝ્રઢ) અને યુનાઈટેડ નેશન્સ જેવી થર્ડ પાર્ટી સંસ્થાઓ દ્વારા પૂરા પાડવામાં આવતા ૧૪૦ ઈન્સ્ટ્રુમેન્ટલ ફેક્ટર્સ પર આધારિત વિશ્વભરના ફાયનાન્શિયલ હબનું મૂલ્યાંકન કરે છે. આ ફેક્ટર્સ બિઝનેસ એન્વાયર્મેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હ્યુમન કેપિટલ, ફાઈનાન્શિયલ સેક્ટર ડેવલપમેન્ટ અને એકંદરે સ્પર્ધાત્મકતા સહિતના વિવિધ પરિમાણો પર ફાયનાન્શિયલ સેન્ટર્સને મૂલવે છે.ય્હ્લઝ્રૈં ૩૭ રિપોર્ટ મુજબ વિશ્વભરના ૧૩૩ ફાયનાન્શિયલ સેન્ટર્સને મૂલવવામાં આવ્યા હતા જેમાં ૧૧૯ને મેઈન ઈન્ડેક્સમાં સ્થાન મળ્યું હતું. આ રિપોર્ટ ઊભરતા ફાઈનાન્શિયલ હબના સ્થિર ઉદ્ભવને દર્શાવે છે જેમાં ગિફ્ટ સિટી પસંદગીના વૈશ્વિક નાણાંકીય સ્થળ તરીકે તેની મહત્વાકાંક્ષાને પુનઃસ્થાપિત કરવામાં સતત આગેકૂચ કરે છે.

# નડીયાદમાંથી ભેળસેળ યુક્ત ઘીનો મોટો જથ્થો ઝડપાયો

નડિયાદના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ૨૬ માર્ચના રોજ સલુણ તળપદમાં મે. શ્રી ક્ષેમ કલ્યાણી મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડકટસના ગોડાઉનમાં દરોડા પાડવામાં આવ્યા હતા.આ દરોડામાં તંત્ર દ્વારા પેઢીના જવાબદાર દિલીપસિંહ ખુમાનસિંહ રાઉલજીને હાજર રાખી સ્થળ પર રહેલા જથ્થા વિશે પૂછપરછ કરી હતી. જેમાં તૈયાર કરેલું ઘી (શ્રી કલ્યાણી બ્રાન્ડ), ઘી માં ઉમેરવા માટે બટર ઓઈલ તેમજ ઘીની ફલેવરની ભેળસેળની શંકા ના આધારે કાયદા હેઠળની કાર્યવાહી કરતા દિલીપસિંહ રાઉલજીની હાજરીમાં શ્રી કલ્યાણી બ્રાન્ડ ૧૫ કિગ્રાના ડબ્બામાંથી




ઘીનો નમૂનો લેવામાં આવ્યો હતો. સાથે જ ભેળસેળ કરવા ઉપયોગમાં લેવાતું બટર ઓઈલ અને ઘીની ફ્લેવરના પણ નમૂના લેવામાં આવ્યા બાદ બાકીનો આશરે ૧૫૦૦ કિગ્રા જથ્થો (કિંમત : રૂ. ૫.૨૫ લાખ), બટર ઓઈલનો ૧૬૦૦ કિગ્રા જથ્થો (કિંમતઃ રૂ. ૩.૫ લાખ) અને ઘી ની ફ્લેવરનો ૧ લીટર જથ્થો (કિંમતઃ રૂ. ૩૬૦૦) એમ કુલ ૩૧૦૦ કિગ્રા જથ્થો કે જેની અંદાજિત કિંમત આશરે રૂ. ૮.૭૫ લાખ જેટલી થાય છે, તે તંત્રની ટીમ દ્વારા જાહેર આરોગ્યના હિતમાં સ્થળ ઉપર કાયદા મુજબ જપ્ત કરી લીધેલ ત્રણેય નમૂનાઓ પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

## અહીં 3 મનોરંજક ટૂંકી વાર્તાઓ છે જેનો ઊંડો અર્થ છે અને તમને તરત જ સ્મિત કરાવશે

૧. "તીવ્ર"★

મેં લિફ્ટમાં એક નાના બાળકને આઈસ્ક્રીમ ખાતા જોયો. ચિંતામાં, મેં સહજતાથી કહ્યું, "આજે ખરેખર ઠંડી છે; આ ખાવાથી તમે બીમાર થઈ જશો!"★

★બાળકે જવાબ આપ્યો, "મારા દાદા ૧૦૩ વર્ષ જીવ્યા."★

★"આઈસ્ક્રીમ ખાઈને?" મેં પૂછ્યું.★

★તેણે કહ્યું, "ના, કારણ કે તે ક્યારેય બીજા લોકોના કામમાં દખલ કરતા નહોતા!"★

★કેટલું તીવ્ર! મને આખરે સમજાયું કે હું આટલી ઝડપથી કેમ વૃદ્ધ થઈ રહ્યો છું - ખૂબ જ બિનજરૂરી દખલગીરી.★

★૨. "થાકેલા"★

★આજકાલ દરેક જગ્યાએ છેતરપિંડી કરનારાઓ છે. મેં હમણાં જ સમાચારમાં લોકોની બચત વિશે કંઈક જોયું - હજારો ડોલર કોઈ નિશાન વગર ગાયબ થઈ રહ્યા છે.★

★ગભરાઈને, હું મારી સાયકલ લઈને બેંક ગયો, મારું કાર્ડ નાખ્યું, મારો પાસવર્ડ નાખ્યો અને મારું બેલેન્સ ચેક કર્યું. સદનસીબે, મારા ૭૫૦ રૂપિયા હજુ પણ હતા. મેં રાહતનો શ્વાસ લીધો.★

★વાહ, તે ખરેખર તણાવપૂર્ણ હતું! હું શપથ લઉં છું કે હું ફરી ક્યારેય સમાચાર નહીં જોઉં - ખૂબ તણાવપૂર્ણ!★

★જ્યારે હું બેંકમાંથી બહાર નીકળ્યો, ત્યારે હું વધુ થાકી ગયો હતોઃ મારા ૭૫૦ રૂપિયા સલામત હતા, પણ મારી સાયકલ ગાયબ હતી.★

★૩. "રાહ જુઓ"★

★એક યુવતી ટ્રેનમાં ચઢી અને તેની સીટ પર એક પુરુષ બેઠો જોયો. તેણે નમ્રતાથી પોતાની ટિકિટ ચેક કરી અને કહ્યું, "સાહેબ, મને લાગે છે કે તમે મારી સીટ પર છો."★

★તે માણસે પોતાની ટિકિટ કાઢી અને બૂમ પાડી, "ધ્યાનથી જુઓ! આ મારી સીટ છે! શું તમે આંધળા છો?!"★

★છોકરીએ તેની ટિકિટ કાળજીપૂર્વક તપાસી અને દલીલ કરવાનું બંધ કર્યું. તે તેની બાજુમાં ચૂપચાપ ઉભી રહી.★

★ટ્રેન ચાલુ થયા પછી, છોકરીએ નીચે ઝૂકીને ધીમેથી કહ્યું, "સાહેબ, તમે ખોટી સીટ પર નથી, પણ તમે ખોટી ટ્રેનમાં છો. તે મુંબઈ જઈ રહી છે, અને તમારી ટિકિટ અમદાવાદની છે."★

★એક પ્રકારનો સંયમ છે જે લોકોને તેમના કાર્યોનો પસ્તાવો કરાવે છે. જો બૂમો પાડવાથી બધું જ ઉકેલાઈ ગયું હોત, તો ગધેડા ઘણા સમય પહેલા દુનિયા પર રાજ કરી ચૂક્યા હોત.★

★આ ત્રણ રમુજી ટૂંકી વાર્તાઓ એટલી સારી છે કે તેને તમારી પાસે રાખી શકાતી નથી - તો શા માટે બીજાઓ સાથે હાસ્ય શેર ન કરો?★

★હસતા રહો અને હસાવતા રહો....★

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : 334**
વિષય :- અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ
શિર્ષક :- સલામ સુનિતા વિલિયમ્સ
પ્રકારઃ- પદ્ય શબ્દોઃ- ૮૩

મૂળ તારું ગુજરાતનું,લીધો જન્મ અમેરિકામાં,
અમેરિકામાં શિક્ષણ લીધું,નામ ધર્યું
સુનિતા વિલિયમ્સ.

અવકાશ સંશોધન ક્ષેત્રે,અવકાશયાત્રી બબ્બે વાર,
અદમ્ય જોમ જુસ્સો બતાવનારી,નારી તૂને સલામ.

અવકાશયાત્રાનો પ્લાન હતો, માત્ર દિવસો આઠ ,
રહેવું પડ્યું નવ માસ સુધી, તારી ધીરજને સલામ.

વેઠ્યા કષ્ટો ઘણા અવકાશમાં, ડરી ના જરાયે લગાર,
નાયિકા બની અવકાશ ક્ષેત્રની, તારી હિંમતને સલામ.

તારીખ ૧૮-૩-૨૦૨૫ના, સફળ ઉતરાણ પૃથ્વી પર,
વિશ્વ આખું જોતું રહ્યું,તારી અવકાશ યાત્રાને સલામ.

ઈતિહાસ સર્જ્યો અવકાશમાં, ચમક્યું ઝુલાસણ ગામ,
ગુજરાતની લાડકવાયી દીકરી,નારી તારા ગૌરવને સલામ.

પદ્મભૂષણથી નવાજિત,રહેશે અમર સદા નામ તારું,
સફળ અવકાશયાત્રી તરીકે,તારા નામને સો સો સલામ.

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' હિંમતનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 353**
વિષય અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સ
શીર્ષક - વિરલ રત્ન અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સ
પ્રકાર - ગદ્ય શબ્દો - ૩૫૦

સુનિતા વિલિયમ્સ (જન્મ- ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૫) યુનાઈટેડ સ્ટેટ્સના નૌકાદળના અધિકારી અને નાસા (હ્રછ્રજીછ) ના અવકાશયાત્રી છે.ચ૧઼તેમને અભિયાન ૧૪ના એક સભ્ય તરીકે આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની કામગીરી સોંપવામાં આવી હતી અને પછી તેઓ અભિયાન ૧૫માં જોડાયા હતા. તેઓ સ્ત્રી અવકાશયાત્રી તરીકે અવકાશની સૌથી લાંબી સફર (૧૯૫ દિવસ) કરવાનો વિક્રમ ધરાવે છે. સુનિતા વિલિયમ્સ જેને ભારતનું ગૌરવ આખા વિશ્વમાં વધાર્યું સાથે અંતરિક્ષમાં નવ મહિના ને ૧૪ દિવસ સુધી રહ્યા. એનો વિશ્ર્વમાં એક અદ્ભુત ને અનોખો રેકોર્ડ સર્જ્યો.

નારી જગતમાં નારાયણી સૂત્રને ચરિતાર્થ કર્યું. અતૂટ આત્મવિશ્વાસ ને અડગ મનોબળ સાથે એમને ઘણી સગવડો વચ્ચે પણ હિંમત હાર્યા વિના જગતને મિશાલ આપી કે નારી એ કોઈ સાધારણ નથી પણ એ સાહસિક ને ધારે તો એ જગતમાં નવો ઈતિહાસ રચી શકે. એક વિરલ વીરાંગના છે.
સુનિતા વિલિયમ્સ વિશે લખતા શબ્દો પણ ખૂટે એવું વિરલ વ્યક્તિ ને આત્મનિષ્ઠા તથા જીવનમાં કોઈપણ પરિસ્થિતિમાં હિંમત ને ધીરજથી એ પરિસ્થિતિનો સામનો કરી સફળતા મેળવવી ખરેખર આજ કહેવાનું મન થાય છે.

નારી સાધારણ નહીં હોતી એ નારાયણી છે. સુનિતા વિલિયમ્સ નું નામ યુગ યુગ સુધી અમર રહેશે એવા એમને સાહસ કર્યા છે.
સુનીતા વિલિયમ્સે વર્ષ ૨૦૦૭ના જૂન માસની ૧૬ તારીખે શેનનનો આ અંગેનો વિક્રમ પાર કર્યો હતો અને ૨૩ જૂન, ૨૦૦૭ના રોજ પરોઢિયે તેઓ ધરતી પર પાછાં આવ્યાં ત્યાં સુધી એકંદર ૧૯૫ દિવસ તે અંતરીક્ષમાં ઍટલાન્ટિસ યાનમાં રહ્યાં હતાં. ૧૦ ડિસેમ્બર ૨૦૦૬ના રોજ તેમનો આ પ્રવાસનો પ્રારંભ થયેલો અને ૨૩ જૂન ૨૦૦૭ના રોજ તે પૂરો થયો હતો. સુનીતાએ તેમના અંતરિક્ષના આ પ્રવાસ દરમિયાન જે બીજો વિક્રમ પ્રસ્થાપિત કર્યો છે તે લાંબામાં લાંબા સમય દરમિયાન સ્પેસ વૉકનો છે. વર્ષ ૨૦૦૭ની શરૂઆતમાં તેમણે ૨૯ કલાક અને ૧૭ મિનિટ સ્પેસ વૉક કરીને કૅથરિન થાર્નટનનો અગાઉનો વિક્રમ પાર કર્યો હતો. ઉપરાંત એપ્રિલ, ૨૦૦૭માં અવકાશમાં કસરત કરવાની મેરેથોન કરનાર સુનીતા દુનિયાનાં સર્વપ્રથમ મહિલા અંતરિક્ષયાત્રી બન્યાં છે. મૅરેથૉન માટે તેણે ૪ કલાક અને ૨૪ મિનિટનો સમય લીધો હતો. જે દિવસે સુનીતા ધરતી પર સહીસલામત ઊતરી તે દિવસ, એટલે કે ૨૩ જૂનનો દિવસ 'નાસા'એ 'સુનીતા વિલિયમ્સ દિવસ' તરીકે ઊજવવાનો નિર્ણય કર્યો હતો.

સુનિતા વિલિયમ્સે જીવનમાં ઘણું સાહસ કરી અંતરિક્ષમાં કલ્પના ચાવલા પછી બીજા અવકાશ યાત્રી બન્યા જેને વિશ્ર્વમાં નવો જ રેકોર્ડ બનાવ્યો. જીવનમાં આમ ભારત ને યુગ યુગ સુધી આવી જ સફળતા મેળવી સિધ્ધી હાસલ કરે.
લિ - સોલંકી પ્રકાશકુમાર મનુભાઈ "એકાંત""વૈરાગી"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 181**
વિષય "અવકાશ યાત્રી-સુનિતા વિલીયમ"
શીર્ષકઃ " સુનિતા એક અવકાશીપરી"
પ્રકારઃ પદ્ય શબ્દોઃ ૧૦૦

નાસાથી નિકળી હતી એક નારી,
ભારતીય છતાંય વિદેશીની સહિયારી..

ઉંચી ઉડાનની અવકાશમાં ઉંચી સવારી
નવ મહિના સુધી લડી જંગ અનેરી...

અદભૂત કર્યુ શક્તિનું પ્રદર્શન હે નારી,
અવકાશમાં પણ શોધી લાવી આશાની કિનારી...

સુનીતા તું, લાવી નવીન ઉર્જાની ફુવારી
રહી ગઈ દંગ દુનિયા જોઈને હિંમત તારી...

હું કૌસુમી એક નાની સી રજકણ સુમારી
કહું છું સહુની સમક્ષ અવિસ્મરણીય ગાથા તમારી...

જીવન સંઘર્ષ માં છે ધીરજ બહુજ જરૂરી
સમજાવ્યું સહુને એમણે આ અવકાશમાં વિહરી...

વિપરીત પરિસ્થિતિને પણ સહર્ષ સ્વીકારી
પાછી ફરી સુનિતા, બની આપણા સહુની દુલારી...

ફરી લડશે એ જંગ હજુ, છે પુરી બધીજ તૈયારી
દુનિયા પર રાજ કરશે હંમેશા આજની નારી...
સુરમી બધેકા કૌસુમી -મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**[NOG SS No :168**
વિષયઃ અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ
શીર્ષકઃ શિવ-શક્તિ સ્વરૂપા
પ્રકારઃ ગદ્ય શબ્દ- ૩૪૫

અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ જેવું નામ એવાં ગુણ ધરાવે છે. મોર્ડન વિજ્ઞાન ની શક્તિ અને આધ્યાત્મિક વિજ્ઞાનની શક્તિ શું છે તેઓએ સાબિત કરી બતાવી છે. ઈશ્વર ઉપર અતુટ શ્રદ્ધા દ્રઢ સંકલ્પ અને વિશ્વાસ તેમની સફળતા નું મૂળ સંદેશ છે. તેમનાં આધ્યાત્મ માનસિક મનોબળની શક્તિને હું સેલ્યુટ કરું છું. વિશ્વની શક્તિ સ્વરૂપા નારી જગત માટે એમની અંતરીક્ષ યાત્રા પ્રેરણા સ્ત્રોત છે. તેઓ ઈશ્વરનાં ગોડલી સ્ટુડન્ટ્સ છે. જેમ માતાનાં ગર્ભગૃહમાં એક બાળક ઉછરે છે એજ રીતે સુનિતા વિલિયમ્સ સંઘર્ષ સાથે અંતરિક્ષમાં ઉછરી રિસર્ચ કરી સહી સલામત અંતરીક્ષ પરથી પૃથ્વી ઉપર અવતરી નવું જન્મ પ્રાપ્ત કર્યું છે.!!તેઓ અથક સાહસી ઉદ્યમી બુદ્ધિશાળી લીડરશીપ અને સફળતાની મૂર્તિ છે. તેમનું ઊ ગ્રેટ છે. તેઓ મન બુદ્ધિ સંસ્કાર નેં રીયલમાં ઉપયોગ કરી જાણે છે. જે આત્માનાં સંસ્કાર છે.
ભારતીય મૂળની સુનિતા વિલિયમ્સ પરત આવી ગયા. તેઓ સાત મહિના અંતરીક્ષમાં ફસાયેલા રહ્યાં, પરંતુ ધૈર્યપૂર્વક પસાર કર્યા, આટલા લાંબા સમય સુધી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં ફસાયેલા રહ્યાં, દરમિયાન સુનિતા વિલિયમ ને એક આધ્યાત્મિક શક્તિનો સહારો પણ મળ્યો. ભગવાન શ્રી ગણેશ(વિઘ્નહર્તા) નો આ વખત સુનીતા વિલિયમ્સ અંતરિક્ષમાં પોતાની સાથે મૂર્તિ લઈ ગયાં હતાં. આવું પ્રથમ વાર નથી. સુનિતા વિલિયમ્સ જ્યારે જ્યારે અંતરિક્ષમાં જાય છે ત્યારે ત્યારે આપણી સાથે કોઈ ધાર્મિક ચિન્હ લઈ જવાનું ભૂલતાં નથી. ભલે તેઓએ અમેરિકામાં અભ્યાસ કર્યો હતો પરંતુ તેઓની આસ્થા હિન્દુ ધર્મમાં પ્રબળ છે.
હકીકતમાં ગુજરાતનાં મહેસાણા જિલ્લાનું ઝુલાસણ ગામ સુનીતા વિલિયમ્સ નું પૈતૃક ગામ છે.તેઓના પિતા ન્યુરોલોજીસ્ટ બન્યાં હતા. અમેરિકામાં વસ્યાં હતા. અહીં તેઓ એનો જન્મ થયો. રિપોર્ટ અનુસાર સુનિતા નાં વિલિયમ્સના પતિ માઈકલ જે વિલિયમ્સ પણ હિન્દુ રીતનું પાલન કરે છે. સુનીતા વિલિયમ્સ ત્રણ વખત અંતરિક્ષ યાત્રા કરી છે. અને દરેક વખત ભગવાનની મૂર્તિ સાથે લઈ ગયાં છે. જેમકે ગીતા ગ્રંથ, ભગવાન શંકરની તસ્વીર, 'ઓમનું' નિશાન અને ઉપનિષદ ગ્રંથ લઈને ગયા હતા.
તેઓ જૂન ૨૦૨૪ માં પોતાની સાથે બુચ વિલ્મોર ની સાથે આઠ દિવસ માટે (આઈએસ એસ) માટે રવાનાં થયા હતાં. ટેકનીકલ ખરાબી ના કારણે આ મિશન સાત મહિનાથી વધુ સમય સુધી ચાલ્યું. આ વખતે તેઓ ગણેશની મૂર્તિ(વિઘ્નહર્તા) પોતાની સાથે રાખી હતી. તેઓએ સ્પેસ પરથી કુંભમેળાની તસવીર શેર કરી હતી. એટલું નહીં તેઓ અંતરીક્ષમાં દિવાળી પણ ઉજવી હતી. સુનિતા
વિલિયમ્સ રીયલ 'એક્સીલેન્ટ' ડિવાઈન સોલ.
ડોક્ટર કનૈયાલાલ માલી 'ઉત્સવ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'અવકાશ યાત્રી સુનિતા'
શીર્ષક :- 'સુનિતાની સફળતા'
પ્રકાર :- ગદ્ય- (શબ્દો :- ૨૯૨ )

કહેવાય છે કે, સફળતાના શિખરે પહોંચનારની માત્ર સફળતા જ લોકોને દેખાય છે. ઘસાઈ ગયેલા શરીર નહીં ! પ્રબળ ઈચ્છા શક્તિ, મહેનત અને શારીરિક તેમજ માનસિક અડચણો પર જીત મેળવીને નાસામાં ચોક્કસ મિશન માટે પસંદ પામવું પણ સહેલું ન હતું. નાસા હજારો ઉમદ્વારોમાંથી માત્ર થોડા જ લોકોને પસંદ કરે છે. તે માટે તકનીકી કુશળતા, નેતૃત્વ ક્ષમતા અને તણાવ, કામ કરવાની ક્ષમતા, સાબિત કરવી પડે છે. અવકાશ મિશન માટે તૈયાર થવા માટે ૧૯૦ થી વધુ દિવસ સુધી અવકાશમાં રહીને શારીરિક અને માનસિક રીતે ખુબજ પડકારજનક ક્ષણોનો સામનો કર્યો. શૂન્ય ગુરુત્વાકર્ષણમાં કામ કરવું અને એકાંતવાસ કરવું પણ સહેલું ન હતું. ૭ વખત અવકાશ યાત્રા કરી. **(spacewalk)** જેનાથી તેમનું શારીરિક અને માનસિક તાકાતનું પ્રદર્શન સાબિત થયું. બોઈંગ સ્ટારલાઈન મિશનમાં અનેક ટેકનિકલ મુશ્કેલીઓ અને વિલંબ આવ્યા. મિશન વારંવાર સ્થગિત થયું. પણ ગુજરાતની દીકરી સુનિતા વીલ્યમ (સુનિતા પંડયા)એ પોતાની તૈયારીઓ ચાલુ રાખી. અનુભવી અવકાશયાત્રી હોવા છતાં પણ કડક તાલીમ લેવી પડી. તેની હિંમત અને લગન, અથાગ મહેનતે તેને સફળતાની સીડી સર કરાવી. પોતાની મંઝિલ, લક્ષ સુધી પહોંચાડી. કહેવાય છે કે, સુનિતાને શ્રી ભગવદ્ ગીતામાં પૂર્ણ વિશ્વાસ અને શ્રધ્ધા હતા. આ આધ્યાત્મિક તાકાત જ તેનું મનો બાળ હતું. તેઓ ગીતાજીને પણ પોતાની સાથે અવકાશમાં લઈ ગયેલ. ''દરેક ભૌતિક કાર્ય સાથે આધ્યાત્મિક બળ હોય તો જડપથી સફળતા મળે છે.'' આ વિધાનની સત્યતા, સુનિતા વિલ્યમના અવકાશ ગમનથી સાબિત થાય છે. ૯-૯ માસ સુધી, પૃથ્વી પર પાછા જવાની અનિશ્ચિતતા વચ્ચે પણ હિંમત અને ધીરજ રાખવી તે સહેલું નથી. શારીરિક અને માનસિક સ્વસ્થતા જાળવવી તે સહેલું નથી. નાસા સંસ્થાના વૈજ્ઞાનિકો પર પણ તેને વિશ્વાસ હતો. અંતે સફળતાના શિખરો સર કરી પૃથ્વી પર તેનું આગમન થયું. આખી દુનિયાએ હર્ષ અને શાંતિનો હાશકારો થયો, ખરેખર એક કવિએ કહેલ કથન સાચું જ છે કે, " જિસકે પૈરોમે છાલે ઓર હોંઠોં પે હસી હોતી હૈ, ખુદા વો તેરે ઢૂંઢને વેલ હોતે હૈ."
શ્રી યોગેશભાઈ પંડયા 'સ્વજન' જુનાગઢ.)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N.O.G. S.S. No. 0102.**
વિષય :-અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ.
પ્રકારઃ- ગદ્ય લેખ. શબ્દસંખ્યાઃ-૨૫૦.

અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સનો જન્મ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૬૫ ના દિવસે અમેરિકામાં ઓહિયો રાજ્યમાં થયો હતો. તેના પિતાનું નામ દીપક પંડ્યા માતાનું નામ બોની પંડયા છે. તેને અમેરિકામાં ફ્લોરીડામાં ૧૯૯૫માં અવકાશયાનની તાલીમ લીધી હતી અને ત્યાર પછી અવકાશયાનમાં અને તેના મિશનમાં જોડાયા હતા અને અવકાશયાનમાં જવા માટેની તમામ પ્રકારની તાલીમ તેના પ્રાપ્ત કરી હતી.

? હાલમાં છેલ્લે તેઓ અવકાશયાનમાં નવ મહિના અને ૧૪ દિવસ સુધી રહ્યા હતા .કેટલીક ટેકનીકલ ખામીઓને કારણે તેને અવકાશયાનમાં લાંબુ રોકાણો કરવું પડ્યું હતું. નાસાના વૈજ્ઞાનિકોએ આ કામ પાર પાડ્યું અને આટલા લાંબા સમય પછી તેઓ પૃથ્વી ઉપર ફ્લોરિડા સમુદ્રની અંદર ઉતરી અને સલામત રીતે સ્વદેશ અમેરિકા પહોંચી ગયા. હાલમાં તેમની તમામ પ્રકારની ટ્રીટમેન્ટ ચાલી રહી છે. જગતની કોઈપણ સ્ત્રીએ ન કરી શકે એવું સુંદર કાર્ય સુનિતા વિલિયમ્સે કરી અને નારી શક્તિને અને ભારતને ભારે ગૌરવ અપાવ્યું છે. તે માટે તમામ લોકોએ ગૌરવની લાગણી અનુભવી જોઈએ .

અવકાશયાનમાં રહીને અને અવકાશયાન બહાર નીકળીને તેણે હજારો વૈજ્ઞાનિક પ્રયોગો કર્યા અને માનવતાને માટે જે કંઈ થઈ શકે તે નાસાનું મિશન હતું તેને પોતે પાર પાડ્યું છે. આ સંશોધન દ્વારા માનવ જાતને એક વિશેષ રીતે ફાયદો થશે અને આ ફાયદો કરવા માટે સુનિતા વિલિયમ્સનું નામ એ જગતમાં કાયમ માટે રોશન રહેશે .એક નારી શક્તિ તરીકે નીડરતા, સાહસિકતા, પોતાની બુદ્ધિ શક્તિનો અને જ્ઞાનનો ઉપયોગ કરી અને તેણે જે સફળતાથી કાર્ય પાર પાડી અને ફરી પાછા પૃથ્વી ઉપર આવ્યા છે તે આનંદની વાત છે .સુનિતા વિલિયમ જેવી સ્ત્રીઓ આ જગતમાં ભાગ્યે જ જોવા મળે .લાખો સ્ત્રીઓની પ્રેરણા રૂપ આવું સુનિતા વિલિયમ?જેવુ પાત્ર એ જગતમાં અનોખું કહી શકાય.
રતીલાલ વાયડા

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની સાસણગીર ખાતે જંગલ સફારીની મુલાકાત પછી ગીર આવનારા પ્રવાસીઓની સંખ્યામાં ૧૮%થી વધુનો ઉછાળો



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૧ થી ૩ માર્ચ, ૨૦૨૫ દરમિયાન ગુજરાતના પ્રવાસે હતા. તેમના આ પ્રવાસના છેલ્લા દિવસે એટલે કે ૩ માર્ચ, ૨૦૨૫ ના રોજ તેઓએ સાસણગીર સ્થિત જંગલ સફારી ખાતે 'વિશ્વ વન્યજીવ દિવસ'ની ઉજવણી કરી હતી. તેમણે ગીર અભયારણ્યમાં સિંહ દર્શનનો આનંદ માણ્યો હતો તેમજ ઓપન જીપમાં સવાર થઈને કેમેરાથી સિંહોના ફોટા પણ પાડ્યા હતા. વડાપ્રધાનશ્રીની આ મુલાકાત પછી સાસણગીર જંગલ સફારીમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રીની મુલાકાત પહેલાના ૨૦ દિવસમાં ગીરમાં પ્રવાસીઓની સંખ્યા ૪૯,૬૮૧ હતી, જે તેઓની મુલાકાત પછીના ૨૦ દિવસમાં વધીને ૫૯,૦૦૯ થઈ ગઈ છે, જે પ્રવાસીઓની સંખ્યામાં ૧૮.૮% નો વધારો દર્શાવે છે. વડાપ્રધાનશ્રીની ગીર જંગલ સફારીની મુલાકાતના પગલે પોરબંદર જિલ્લામાં સ્થિત બરડા વન્યજીવ અભયારણ્ય, જે એશિયાઇ સિંહોનું બીજું નિવાસસ્થાન કહેવાય છે, તેમાં પણ હવે પ્રવાસીઓનો રસ જાગૃત થયો છે. તેના કારણે, ફેબ્રુઆરી, ૨૦૨૫ની સરખામણીએ માર્ચ, ૨૦૨૫માં બરડા સફારીની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યા બમણી થઈ છે. ફેબ્રુઆરી મહિના દરમિયાન બરડા સફારીની મુલાકાતે ૧૦૮ પ્રવાસીઓ આવ્યા હતા, જેની સામે માર્ચ મહિનામાં ૨૧૫ પ્રવાસીઓએ બરડા સફારીની મુલાકાત લીધી છે.

**બરડા વન્યજીવ અભયારણ્ય બન્યું એશિયાઇ સિંહોનું બીજું નિવાસસ્થાન**

અત્યારસુધી જૂનાગઢ સ્થિત ગીર અભયારણ્ય એશિયાઇ સિંહોનું એકમાત્ર નિવાસસ્થાન હતું. પોરબંદર જિલ્લામાં આવેલું બરડા વન્યજીવ અભયારણ્ય ગીર સંરક્ષિત વિસ્તાર સાથે આવાસસ્થાનો, ભૌગોલિક ક્ષેત્ર અને ભૂમિપ્રદેશની દ્રષ્ટિએ ખૂબ જ સમાનતા ધરાવે છે. બરડા અભયારણ્ય સિંહ જનીનપૂલના સંરક્ષણ માટે ખૂબ જ મહત્વનું સ્થળ છે. ઐતિહાસિક રીતે તે સિંહોના નિવાસસ્થાન તરીકે જાણીતું હતું. બરડા અભયારણ્યમાં સિંહોનું જૂથ છેલ્લે ૧૮૭૯માં જોવા મળ્યું હતું. પરંતુ, પછીથી આ વિસ્તારમાં સિંહો લુપ્ત થયા હતા. સિંહોને તેમના ઐતિહાસિક રહેઠાણોમાં પુનઃસ્થાપિત કરવા માટે ગુજરાત વન વિભાગે બરડા વન્યજીવ અભયારણ્યમાં આહારશ્રૃંખલાના પાયાને પુનઃસ્થાપિત કરવાનો કાર્યક્રમ શરૂ કર્યો. આ કાર્યક્રમ ચિતલ અને સાબરના સંવર્ધન અને પુનઃસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે સિંહો માટે જરૂરી શિકાર પ્રજાતિઓ છે. આ સંરક્ષણ પ્રયાસોને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ મોટી સફળતા મળી, જ્યારે બરડા વન્યજીવ અભયારણ્યમાં એક નર એશિયાઇ સિંહની હિલચાલ નોંધવામાં આવી. સિંહો એક સદી પછી તેમના ઐતિહાસિક નિવાસસ્થાનમાં પાછા ફર્યા. બરડા સ્થિત અભયારણ્યમાં ૮ સિંહોની વસ્તી સ્થાયી થયા પછી તેને સિંહોના 'સેકન્ડ હોમ' એટલે કે બીજા નિવાસસ્થાન તરીકે વિકસિત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં, બરડા વન્યજીવ અભયારણ્યમાં એશિયાઇ સિંહોના કુદરતી ફેલાવા અને સફળ સંવર્ધનને કારણે, બરડા આજે સિંહોના બીજા નિવાસસ્થાન તરીકે ઉભરી આવ્યું છે. આજે બરડા વન્યજીવ અભયારણ્યમાં ૧૭ સિંહો વસવાટ કરે છે, જેમાં ૧ નર, ૫ માદા સિંહ અને ૧૧ બાળસિંહ છે.

**ગીરમાં ઈકો-ટુરિઝમને પ્રોત્સાહન**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન ગીરના સિંહોના વિસ્તારમાં ઈકો-ટુરિઝમને પ્રોત્સાહન આપ્યું હતું. આ જ સમયગાળા દરમિયાન ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા 'ખૂશ્બૂ ગુજરાત કી' કેમ્પેઇન શરૂ કરવામાં આવ્યું હતું. આ કેમ્પેઇને મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષિત કર્યા. ભારતભરના પ્રવાસીઓની સાથે અન્ય દેશોના પ્રવાસીઓને પણ આમંત્રિત કરીને ગીરના સંરક્ષિત ક્ષેત્રની વિઝિબિલિટીમાં વધારો કરવામાં આવ્યો, જેનાથી ગીર વૈશ્વિક પ્રવાસન નકશા પર આવી ગયું. ગીરમાં ઈકો-ટુરિઝમના વિકાસે વન્યજીવ સંરક્ષણમાં જ યોગદાન નથી આપ્યું, પરંતુ હજારો સ્થાનિક રહેવાસીઓની આવકમાં પણ હકારાત્મક પરિવર્તન આણ્યું છે, જેનાથી આ વિસ્તારના ટકાઉ વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૩૩,૧૫,૬૩૭ પ્રવાસીઓએ ગીર સંરક્ષિત વિસ્તારની મુલાકાત લીધી છે.



બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે. એફ. બળોલીયાના અધ્યક્ષ સ્થાને ગઢડા તાલુકા કક્ષાનો સ્વાગત અને ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રજૂ થયેલ પાંચ પ્રશ્નોનો માં અરજદારશ્રીઓ રજૂઆત સાંભળી તેના લગત સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

# ગુજરાતની ભ્રષ્ટ ભાજપ સરકાર સામે ગાંધીનગરમાં છેલ્લા અગિયાર દિવસથી વ્યાયામ શિક્ષકો પોતાની પડતર માંગને લઈને કાયમી ભરતીની માંગ સાથે વિરોધ પ્રદર્શન







ગુજરાતની ભ્રષ્ટ ભાજપ સરકાર સામે ગાંધીનગરમાં છેલ્લા અગિયાર દિવસથી વ્યાયામ શિક્ષકો પોતાની પડતર માંગને લઈને કાયમી ભરતીની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. એક તરફ ખેલો ગુજરાતની વાતો કરતી ગુજરાત સરકાર સામે વ્યાયામ શિક્ષકો ગાંધી ચિંધ્યા માર્ગે શાંતિપૂર્વક આંદોલન કરી રહ્યા છે તેમ છતાં ગુજરાતની સરકાર તેમની સામે આક્રમક બની વિરોધને દબાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે.રાજ્યમાં છેલ્લાં ૧૫ વર્ષથી કાયમી વ્યાયામ શિક્ષકની ભરતી નથી થઈ. રમતગમત ક્ષેત્રમાં દેશભરમાં ગુજરાતનું બાળક ખીલે તેનો વિકાસ થાય, શાળાઓમાં વ્યાયામ શિક્ષકની નિમણૂંક કરવામાં આવે છે, પરંતુ સરકારની ખેલ સહાયક યોજનાને કારણે ગુજરાત રાજ્યના બાળકોનો રમતગમત ક્ષેત્રમાં વિકાસ રૂંધાય ગયેલ છે.છેલ્લા ૧૫ વર્ષથી વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી. જેથી સરકારે કરાર આધારિત ભરતી બંધ કરી કાયમી ભરતી કરે તેવી અમારી માંગણી છે.વ્યાયામ શિક્ષકોના સમર્થનમાં NSUI પ્રમુખ નરેન્દ્ર સોલંકી ની આગેવાનીમાં ગુજરાત NSUI દ્વારા ગુજરાત યુનિવર્સિટી ખાતે રસ્તા રોકો આંદોલન કરી ઉગ્ર વિરોધ કરવામાં આવ્યું હતું. જેમા NSUI પ્રમુખ નરેન્દ્ર સોલંકી સહિતના NSUI ના હોદ્દેદારોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. જો વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી કરવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં એને NSUI સમગ્ર ગુજરાતમાં આંદોલન કરશે.

# આગામી ૨૯ માર્ચથી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા શરૂ, ૧૪ કિમીની પરિક્રમા એક મહિના સુધી ચાલશે





ગુજરાતમાં વડોદરા અને નર્મદા જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદી નર્મદા જિલ્લામાં લગભગ ૬ કિમી સુધી ઉત્તર દિશામાં વહે છે અને તેથી જ દર વર્ષે ચૈત્ર મહિનામાં ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા યોજાય છે, જેનું વિશેષ માહાત્મ્ય છે. આ વર્ષે ૨૯ માર્ચથી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા શરૂ થવા જઇ રહી છે, જે આગામી ૨૭ એપ્રિલ એટલે કે લગભગ એક મહિના સુધી યોજાશે. આ પરિક્રમામાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ સહિત અનેક રાજ્યોના ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડશે તેવી અપેક્ષા છે.

ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડશે, તે ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા નર્મદા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા શ્રદ્ધાળુઓની સુવિધાઓ માટે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. ખાસ કરીને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ૧૪ કિલોમીટરની સમગ્ર પરિક્રમા દરમિયાન ઉમટનાર હજારો ભક્તો માટે ?૩.૮૨ કરોડના ખર્ચે અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.નર્મદા પરિક્રમાર્થીઓની આસ્થાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ તેમજ માર્ગદર્શન હેઠળ બોર્ડ દ્વારા અનેકવિધ હંગામી સુવિધાઓ ઊભી કરાઈ છે. ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાના માર્ગમાં નર્મદા નદીના શહેરાવ ઘાટ, રેંગણ ઘાટ, રામપુરા ઘાટ અને તિલકવાડા ઘાટ આવેલ છે. બોર્ડ દ્વારા આ તમામ ઘાટો પર મોટી સાઇઝના મંડપો, ખુરશી, બેરીકેડિંગ, લાઇટિંગ, ટૉયલેટ બ્લૉક, ચેન્જિંગ રૂમ, મેડિકલ બૂથ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, પોલીસ બૂથ માટે મંડપ, પીવાના પાણીની સુવિધા, સીસીટીવી કેમેરા, ચેતવણી બોર્ડ, ડી. જી. સેટ, સાઇનબોર્ડ્સ, પાર્કિંગ, યાત્રિકોને લાઇનમાં ઊભા રહેવા માટેની રેલિંગ, વૉચ ટાવર, ફૂડ સ્ટોલ તથા સ્નાન માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. તેવી જ રીતે સમગ્ર પરિક્રમા માર્ગ પર લાઇટિંગ, સાઇનેજિસ, કચરાપેટી, સીસીટીવી કેમેરા, સીનિયર સિટીઝન માટે બેઠક વ્યવસ્થા, ટૉયલેટ યુનિટ, ઈમર્જન્સી કામગીરી માટે જેસીબી, હિટાચી, ક્રેન, દોરડા જેવી મશીનરી તથા વસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવી છે.સમગ્ર વિશ્વમાં ૧.૫૦ લાખ, ભારતમાં ૪૦૦ અને ગુજરાતમાં અંદાજે ૧૮૫ નદીઓ છે. ભારતના દૃષ્ટિકોણથી જોઇએ, તો આપણા દેશમાં લગભગ તમામ નદીઓની પૂજા થાય છે. સૌથી પવિત્ર ગંગા નદી પર આવેલ ગંગા-યમુના-સરસ્વતી (અદૃશ્ય)ના ત્રિવેણી સંગમ પર તો મહાકુંભ મેળો યોજાય છે, પરંતુ ગુજરાત-ભારત સહિત વિશ્વમાં નર્મદા સિવાય કોઈ પણ નદીની પરિક્રમા નથી યોજાતી.એકમાત્ર નર્મદા નદી જ એવી છે કે જેની પરિક્રમા કરવામાં આવે છે. પુરાણોમાં ઉલ્લેખ છે કે 'ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને તથા તાપી સ્મરણે' મુક્તિ મળે છે. એટલે કે ગંગામાં સ્નાન કરવાથી, યમુનાના જળનું પાન કરવાથી મુક્તિ મળે છે, પરંતુ નર્મદા નદીના દર્શનમાત્રથી મુક્તિ મળે છે. એટલા માટે જ લાખો લોકો નર્મદાનાં ઉદ્ગમ સ્થળ અમરકંટકથી સમુદ્ર સંગમ સ્થળ ખંભાતના અખાત સુધીની નર્મદા પરિક્રમા કરે છે. આ નર્મદા પરિક્રમા માર્ગ લગભગ ૨૬૨૪ કિલોમીટરનો હોય છે.જોકે જે શ્રદ્ધાળુઓ આટલી લાંબી પરિક્રમા નથી કરી શકતા, તેથી તેઓ નર્મદાની ઉત્તરવાહિની પંચકોશી યાત્રા કરીને પણ મુક્તિ પ્રાપ્ત કરે છે. કહેવાય છે કે ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા કરવાથી પણ સંપૂર્ણ નર્મદા પરિક્રમા જેટલું જ ફળ પ્રાપ્ત થાય છે.

# શિવજીને પ્રિય બિલીપત્ર અને તેનું મહત્વ



બિલિપત્ર શિવજીને ખૂબ જ પ્રિય હોવાનું મનાય છે. બિલિ પત્રના ત્રણ પાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણ દેવનું પ્રતીક હોવાનું કહેવામાં આવે છે. તે ભગવાન શિવની ત્રીજી આંખનું પ્રતીક છે. તેને હિન્દુ ધર્મમાં ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે અને શિવપૂજનમાં પણ બિલિપત્રનો અવશ્ય સમાવેશ કરવામાં આવે છે. એ માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ નહિ, પણ આરોગ્યની દૃષ્ટિએ પણ બિલિપત્ર ખૂબ જ ફાયદાકારક છે. આયુર્વેદ મુજબ બિલિપત્રમાં અનેક ઔષધીય ગુણો રહેલા છે. તેના ત્રણ પત્રમાં સત્વ, રજસ અને તમસ એમ ત્રણે ગુણો રહેલા હોય છે. સત્વ એ પોઝિટિવ એનર્જી છે જ્યારે રજસ અને તમસ નેગેટિવ એનર્જી છે. એવુ માનવામાં આવે છે કે બિલિપત્રનો મધ્યભાગ સત્વ અર્થાત્ પોઝિટિવ એનર્જીને આકર્ષે છે. જો કોઈ નેગેટિવ એનર્જીની અસરવાળી વ્યક્તિ પણ બિલિપત્રને સ્પર્શે તો તેનામાં પોઝિટિવ એનર્જી આવી જાય છે.

બિલિ વૃક્ષના મૂળ, પાન, ફળ અને વૃક્ષના બધા જ ભાગ વિવિધ રોગોનાં ઉપચારમાં ઉપયોગી છે. આ પવિત્ર વૃક્ષ પેઢામાંથી લોહી નીકળતુ હોય, ડાયેરિયા, અસ્થમા, કમળો, લોહીની ઉણપ જેવા અનેક રોગોમાં ખૂબ જ મદદરૂપ છે. ડાયેરિયાની સમસ્યા હોય તો બિલિના ફળને સૂકવીને તેનુ સેવન કરવુ જોઈએ. પાઈલ્સ થયા હોય કે પછી કોઢની સમસ્યામાં પણ બિલિફળના પાવડરનું સેવન કરવુ જોઈએ. આંખ અને કાનના રોગોમાં પણ બિલિફળ ઘણું અસરકારક છે. જૂના જમાનામાં ફ્રેક્ચર થયુ હોય તો વૈદ્યો બિલિના પાવડરમાં હળદર અને ઘી મિક્સ કરીને તૂટી ગયેલા હાડકા પર લેપ કરતા હતા. કબજિયાતની સમસ્યા નીવારવા માટે બિલિનું ફળ એ ખૂબ જ અસરકારક ઈલાજ છે. બિલિના ફળના માવામાં થોડી કાળી મરી અને મીઠુ ઉમેરવાથી આંતરડામાંથી ઝેરી તત્વો શરીરની બહાર ફેંકાઈ જાય છે. કબજિયાતની સમસ્યા માટે બિલિફળનું શરબત પણ લઈ શકાય છે. બિલિ ફળમાં એવા તત્વો હોય છે જે લોહીમાં શુગરનું પ્રમાણ કંટ્રોલમાં રાખે છે. તે પેનક્રિઆસને સક્રિય બનાવે છે અને શરીરમાં ઈન્સ્યુલિન જનરેટ કરે છે જેને કારણે ડાયાબિટિસના દર્દીની શુગર કંટ્રોલમાં રહે છે. વૈદ્યની સલાહ પછી જ બિલિનો જે-તે પ્રયોગ કરવો જોઈએ.

બિલિમાં એવા તત્વો છે જેમાં એન્ટિ-ઓક્સિડન્ટ્સ રહેલા છે અને તે પેટમાં પડેલા ચાંદામાં ઘણી રાહત આપે છે. તે શરીરમાં એસિડનું પ્રમાણ ઘટાડવામાં મદદરૂપ બને છે. આ ઉપરાંત શરીરમાં વાયરલ ઈન્ફેક્શન ફેલાયુ હોય તો પણ બિલિફળ ઘણી રાહત આપે છે.

વિટામિન સીની ઉણપને કારણે ઘણા લોકોને દાંત અને પેઢામાંથી લોહી નીકળવાની સમસ્યા થતી હોય છે. બિલિફળમાં વિટામિન સી સારી માત્રામાં હોય છે. જેને કારણે તે ખાવાથી સ્કર્વી કે પેઢા-દાંતમાંથી લોહી નીકળવાની સમસ્યામાંથી છૂટકારો મળે છે. લાઈફસ્ટાઈલને કારણે ઊંચો કોલેસ્ટ્રોલ એ એક સામાન્ય સમસ્યા થઈ ગઈ છે. બિલિફળમાં રહેલા તત્વો શરીરમાં રહેલા કોલેસ્ટ્રોલને કાબુમાં રાખે છે. જો પાકેલા બિલિફળમાં ઘી મિક્સ કરીને તેને ભોજન સાથે લેવામાં આવે તો હૃદયરોગનું જોખમ ઘટે છે. હૃદયરોગથી બચવા માટે વૈદ્યો વર્ષોથી આ ઉપચાર કરતા આવ્યા છે. આ ઉપરાંત તે શ્વસનતંત્રના રોગ, શરદી વગેરેમાં પણ ખૂબ જ ફાયદાકારક પુરવાર થાય છે. તેના ફળનો માવો નહાતા પહેલા માથામાં લગાવવામાં આવે તો શરદીથી છૂટકારો મળે છે. શરીરમાં કોઈ પણ ભાગે સોજો આવ્યો હોય તો તેના પર બિલિ ફળનો ગર લગાવવાથી સોજા તરત જ ઉતરી જાય છે. બિલિનું વૃક્ષ એ અત્યંત મહત્વનું વૃક્ષ છે.




તાજેતરમાં ભાવેણાની અગ્રગણ્ય શૈક્ષણિક સંસ્થા કે પી ઇ એસ કોલેજના વાર્ષિકોત્સવ-૨૫ માં ગૌરવ પરસ્કૃત અને ઉસ્તાદ બિસ્મીલ્લાખાન યુવા પુરસ્કૃત ભાવનગરના યશકલગી સમા ક્લાગૌરવ કુશલ દીક્ષિતનું પુષ્પગુચ્છ, શાલ ઓઢાડી અને એવોર્ડ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ આ તબક્કે જાણીતા કલામર્મમજ્ઞ અમુલભાઈ પરમાર તેમજ જગજીતસિંહજીને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા

# ડીસાના મોદી સમાજના સિનિયર સિટીઝનો લોહેશ્વર મહાદેવ ના પ્રવાસે...





ડીસા કરીયાણા મર્ચન્ટના માજી પ્રમુખશ્રી ઈશ્વરલાલ મણીલાલ ચોખાવાળા તરફથી લોહેશ્વર મહાદેવના ધામમાં ડીસાના મોદી સમાજના સિનિયર સિટીઝનોને સ્વ. સરસ્વતીબેન ઈશ્વરલાલ મણીલાલ ચોખાવાળા પરિવાર દ્વારા આયોજિત ફાગણ વદ -૧૩ ને ગુરૂવારના રોજ તારીખ ૨૭/ ૩/ ૨૫ ની સવારે ૫:૦૦ વાગે શંકર ભગવાનના મહાદેવના દર્શન કરાવવાની ઈચ્છા પ્રગટ કરી. ડીસાના મોદી સમાજના પ્રથમ વખત સિનિયર સિટીઝનો લોહેશ્વર મહાદેવનો એક દિવસનો પ્રવાસ કરાવવા તેમજ દર્શન ભોજન પ્રસાદનો લાભ આપી આ સરસ કાર્યક્રમને મોદી સમાજના પ્રમુખ કનુભાઈ ભરતીય, પીપલ્સ મંડળી ના ચેરમેન શાંતિલાલ હેરુવાળા, સહયોગ મંડળી ના ચેરમેન મુકેશભાઈ પંચીવાલા, આજીવન ટ્રસ્ટી દેવચંદભાઈ હેરુવાળા, બંસીલાલ કાનુડાવાળા, અશોકભાઈ પાવાલા તથા ચોખાવાલા સમાજ ના ભાઈઓ તથા બહેનો એ દર્શન તેમજ ભોજન પ્રવાસ કરી ધન્યતા અનુભવી હતી

આ પ્રોગ્રામ ના આયોજક ઈશ્વરલાલ મણિલાલ ચોખાવાલા ના આભાર માન્યો હતો.

**બોટાદ ટાઉન પોલીસ સ્ટેશન તેમજ જિલ્લા મહિલા બાળ અધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે**

# એસ જે દાણી પ્રાથમિક શાળામાં બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત કાયદાકીય માર્ગદર્શન




જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે.એફ.બલોલીયા તેમજ મહિલા બાળ અધિકારીશ્રી આઈ.આઈ.મન્સૂરીના માર્ગદર્શન મુજબ એસ જે દાણી પ્રાથમિક શાળામાં બાળકોને પી.આઈ.શ્રી વસાવાની અધ્યક્ષતામાં કાયદાકીય માહિતી આપવામાં આવી હતી. જેમાં પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરના કાઉન્સેલર રિંકલબેન મકવાણા દ્વારા ગુડ ટચ બેડ ટચ અંગે ડેમોસ્ટેશ દ્વારા માહિતી આપી હતી. તેમજ ખાસ કરીને ૧૦૯૮,૧૯૩૦,૧૦૦,૧૧૨ અન્ય હેલ્પલાઇન ટોલ ફ્રી નંબર વિષે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

શી ટીમના કર્મચારી અરવિંદભાઈ સુવેરા દ્વારા વધતા જતાં સોશ્યિલ મીડિયાનાં દૂર ઉપયોગ ટાળવા તેમજ સાયબર ફ્રોડ વિષે માહિતી આપવામાં આવી હતી. કોન્સ્ટેબલ રાહુલભાઈ દ્વારા હથિયાર અંગેની માહિતી આપવામાં આવી હતી. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનાં કાઉન્સેલર પટેલ ખુશ્બુબેન દ્વારા ૧૮૧ની કામગીરી તેમજ એપ્લિકેશન વિશે માહિતી આપવામાં આવી હતી,અને સખી વનસ્ટોપ સેન્ટરનાં કર્મચારી છાયાબેન મકવાણા દ્વારા મહિલાઓને આશ્રય સંબંધિત માહિતી આપવામાં આવી હતી. વુમન એમ્પવારમેન્ટ હબનાં મહેશભાઈ સોલંકી દ્વારા જિલ્લા મહિલા બાળ અધિકારીશ્રી કચેરી દ્વારા ચાલતી વ્હાલી દીકરી, વિધવા સહાય, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન, સ્વાલંબન યોજના વિશે માહિતી આપી વિવિધલક્ષી કલ્યાણ કેન્દ્રનાં નૂતનબેન દ્વારા મહિલા મંડળની કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓ અભ્યાસ કરી સમાજ અને કુટુંબનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું મુખ્ય ઉદેશ વિદ્યાર્થીઓ પોતે પોતાની સ્વ-સુરક્ષા કઈ રીતે કરી શકે તે અંગે માહિતગાર કરવાનો હતો.



**બોટાદ (ગ્રામ્ય) તથા બોટાદ (શહેર)નો તાલુકા "સ્વાગત અને ફરીયાદ નિવારણ કાર્યક્રમ" બોટાદ જિલ્લા કલેક્ટરશ્રી ડો. જીન્સી રોયના અધ્યક્ષ સ્થાને મામલદારશ્રી બોટાદ (ગ્રામ્ય)ની કચેરી,તાલુકા સેવા સદન ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાયબ કલેકટરશ્રી બોટાદ, મામલતદાર બોટાદ (ગ્રામ્ય) તથા શહેર,તાલુકા વિકાસ અધિકારીશ્રી, સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કુલ પાંચ પ્રશ્નો રજુ થયા હતાં. જે તમામનો અધ્યક્ષસ્થાનેથી હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.